# ખેતી નિયામકશ્રીની કચેરી

## કૃષિભવન, ગાંધીનગર.

## અંક શાખા

## પ્રકરણ-૧ પ્રસ્તાવના

- ભારત સરકારશ્રીએ તા.૧૨/૧૦/૨૦૦૫થી અમલમાં આવેલ તે પ્રમાણે માહિતી અધિકાર અધિનીયમ, ૨૦૦૫ની રચના કરેલ છે જે મુજબ ભારતનો કોઇ પણ નાગરિક નિયત ફી ચૂકવી અથવા ગરીબી રેખાથી નીચે જીવતો હોય તો વિના મૂલ્યે સરકારશ્રી પાસેથી માહિતી માગી શકે છે.
- આ પુસ્તિકા દ્વારા ખેતી ખાતાને લગતી માહિતી નાગરિકો મેળવી શકે તે અંગેની વિગત આપવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.
- આ પુસ્તિકા માહિતી મેળવવા ઇચ્છતા ભારતના કોઇપણ નાગરિકને ઉપયોગી નીવડશે.
- આ પુસ્તિકામાં પ્રકરણ ૧ થી ૧૭ માં માહિતી પત્રકવાર અને અથવા મુદ્દાવાર આપવામાં આવેલ છે. સદરહુ માહિતી અધ્યતન કરવામાં આવી રહી છે.
- આ અંગે માહિતી આર.ટી.આઇ.એક્ટ ૨૦૦૫ની ગુજરાતી નકલમાં તેમજ આ અંગેના નિયમો દર્શાવવામાં આવેલ છે. તે મુજબ વ્યાખ્યાઓ ધ્યાને લેવાની રહેશે.
- આ પુસ્તિકામાં ઉપલબ્ધ ન હોય તે માહિતી મેળવવા માટેની કાર્યપધ્ધતિ કઇ માહિતી માગી છે તેના આધારે કહી શકાશે. અરજી પત્રકની ફી રૂ.૨૦.૦૦ છે અને એક પાનાદીઠ માહિતીના રૂ.૨.૦૦ તેમજ સીડી અથવા ફ્લોપીમાં માહિતી માટે રૂ. ૫૦.૦૦ ફી પેટે ચૂકવવાના રહેશે. ગરીબી રેખાની નીચે જીવતા નાગરિકે કોઇપણ પ્રકારની ફી ચૂકવવાની રહેતી નથી પરંતુ પોતે ગરીબી રેખા હેઠળ જીવે છે તે અંગેનો આધાર રજુ કરવાનો રહેશે.

# પ્રકરણ-૨ શાખાની વિગતો, કાર્યો અને ફરજો

- અંક શાખા ઇકોસ્ટેટ વિભાગની શાખા છે. જેમાં પાક ઉત્પાદન ખર્ચ  યોજના, ટાઇમલી રીપોર્ટીંગ સ્કીમ(TRS), પાક વિષયક આંકડા સુધારણા યોજના(ICS) અને એફવીએમ (ફળ, શાકભાજી અને ગૌણ પાકો)  જેવી યોજનાઓ કાર્યરત છે.

## ૧. ટાઇમલી રીપોર્ટીંગ સ્કીમ(TRS):

આ યોજના ભારત સરકારશ્રી દ્વારા ચાલતી 100% કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. ખેતી નિયામકશ્રી દ્વારા પાક વાર વાવેતર વિસ્તારનો અંદાજ મેળવવામાં આવે છે. શરુઆતમાં ફોરકાસ્ટ દ્વારા અને છેવટે ફુલ્લી રીવાઇઝ્ડ એસ્ટીમેટ તરીકે તૈયાર કરવામાં આવે છે. અને તે વાર્ષિક ઋતુ અને પાક અહેવાલ માં સંબંધિત તાલુકા વિકાસ અધિકારી હસ્તકના તલાટીઓ દ્વારા 7/12 પહાણી પત્રક લખાવી વાવેતર વિસ્તાર તૈયાર કરાવી ખેતી નિયામકશ્રીની કચેરીએ મોકલવામાં આવે છે.

જીલ્લાવાર, તાલુકાવાર, પાકવાર વાવેતર વિસ્તાર અને ઉત્પાદનનો અંદાજ કાઢવા માટે પાક કાપણી અખતરા જુદા જુદા પાકો માટે ગોઠવવામાં આવે છે. આ વર્તારાની પધ્ધતીમાં માહીતી ખુબજ સમય પછી મળતી હોય છે. તેથી તાત્કાલીક પાકવાર વાવેતરના અંદાજો સમયસર મેળવવા માટે ભારત સરકારશ્રીએ ટાઇમલી રીપોર્ટીંગ સ્કીમ(TRS) સને 1972-73થી ગુજરાતમાં દાખલ કરેલ છે.

### ○ યોજનાના મુખ્ય ઉદ્દેશો(હેતું) નીચે મુજબ છે.

1. મુખ્ય પાકોના વાવેતર વિસ્તારના અંદાજો વાવેતર થયા પછી તુર્તજ મેળવવા અને ઋતુ પુર્ણ થયે તુર્તજ ઉત્પાદન અંદાજવા માટે
2. વધુ ઉત્પાદન આપતી જાતનો વિસ્તાર, પિયત અને બિનપિયત વિસ્તાર જુદો મેળવવા માટે
3. જ્યાં શક્ય હોય ત્યાં પિયત અને બિનપિયતના ઉત્પાદનના અંદાજો મેળવવા માટે.
4. ગ્રામ્ય કક્ષાએ ફરજ બજાવતા સ્ટાફના એલર્ટનેશ ક્રીએટ કરવા માટે અને પાકનુ સુપરવિઝન સમયરસર કરવા માટે.

### ○ કરવાના કાર્યો અને ફરજો :

આ ૧૦૦% કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ રાજયના રેવન્યુ ગામોની માહીતી મામલતદારશ્રી પાસેથી મેળવી રેડંમ સેમ્પલથી ૨૦% ગામોની પસંદગી તથા બાકીના ૮૦% ગામોની યાદી તૈયાર કરી ટી.આર.એસ.ના ૩૬૧૮ ગામોની ફીલ્ડ સ્ટાફ મારફત મામલતદારશ્રી તથા તાલુકાવિકાસ અધિકારી સાથે સહી ખરાઇ કામગીરી પુર્ણ કારાવી. ફીલ્ડ સ્ટાફને તાલીમ/સેમીનાર ગોઠવી યોજનાને કામગીરીની સમજ/તાલીમ આપવી. પસંદ થયેલ ગામોની મુખ્ય ૨૦ પાકોનો વાવેતર વિસ્તાર તલાટી મારફત માહિતિ મેળવવામાં આવે છે. જેનુ પ્લાનીંગ, પત્રકો તાલુકા વિકાસ અધિકારીને પહોંચાડવાની કામગીરી તથા ઉપરોક્ત માહિતિ મેળવવા માટે  જીલ્લા કક્ષાએ તથા તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ આધિકારીશ્રી સાથે પત્રવ્યવહાર કરવામાં આવેલ છે આ બાબતે વિકાસ કમિશનરશ્રી તથા જીલ્લા વિકાસ અધિકારી શ્રી સાથે પણ પત્ર વ્યવહાર કરવા. ખરીફ ઋતુની (૯૦% રીસીપ્ટ પોઝીશન પ્રમાણે) એરીયા એસ્ટીમેટ, અઠવાડીક રીસીપ્ટ પોઝીશન, સ્ટાફની પોઝીશન, ૭/૧૨ લખ્યાની અઠવાડીક પોઝીશન, કરેક્ટીંગ ફેક્ટર તેમજ રેશનલાઇઝ સુપરવિઝનનુ કરેક્ટીંગ ફેક્ટર વિગેરે માહિતિ તૈયાર કરવી જેની પ્રોગ્રેશીવ પ્રગતિ રીપોર્ટ ભારત સરકારશ્રી તથા રાજ્ય સરકારશ્રીને મોકલવા. ૮૦% નોન ટી.આર.એસ. ગામોની માહિતિ પત્રક ત્રણેય ઋતુના વિભાગીય કક્ષાએ મેળવવા.

રેશનલાઇઝ સુપરવિઝ્નના ખરીફ, રવિ અને ઉનાળુ સીઝન માટે ટી.આર.એસ ના ૩૬૨ ગામો તથા નોન ટી.આર.એસના ૨૧૭ ગામોની પસંદગીનુ આયોજન કરવામાં આવે છે તેના પરથી રેશનલાઇઝ સુપર વિઝનનુ કરેક્ટીંગ ફેક્ટર વિગેરે માહિતિ તૈયાર કરવી.

## રેશનાલાઇઝેશન સુપર વિઝનની કામગીરી (પત્રક-ધ)

- ટીઆરએસ તથા નોન ટીઆરએસ યોજના હેઠળના ગામોમાંથી ગામ પસંદ કરવામાં આવે છે.
- રેશનાલાઇઝ સુપરવીઝનની કામગીરી કરવા માટે પસંદ કરેલ ગામની યાદી ખેતી નિયામકશ્રીની કચેરી તરફથી આપવામાં આવે છે.
- તલાટી કમ મંત્રી તરફથી પહાણી પત્રક ૭ અને ૧૨ લખવાનો સમય પૂર્ણ થયા પછી ખેતીવાડી અધિકારીએ આ કામગીરી કરવાની રહે છે.
- ખેતીવાડી અધિકારીએ રેન્ડમ પધ્ધતીથી ત્રણ ક્લસ્ટર પસંદ કરવાના રહે છે.
- એક ક્લસ્ટરમાં પાંચ નંબર લેખે કુલ ૧૫ નંબર પસંદ કરવાના હોય છે.
- પસંદ સર્વે નંબરની સ્થળ ચકાસણી કરી પાક વાર વાવેતર વિસ્તારની નોંધ કરવામાં આવે છે.

## પ્રકરણ-૩ અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો

## નાયબ ખેતી નિયામક(ટી.આર.એસ), ગાંધીનગરની ફરજો અને જવાબદારીઓનું સંક્ષિપ્ત.

⇒ ટી.આર.એસ યોજના અંતર્ગત ગુજરાત રાજ્યમાં થતા મુખ્ય પાકોના વાવેતર વિસ્તારનો અંદાજો સમયસર મળે તે માટે દર વર્ષે રાજ્યના કુલ ગામોમાંથી ૨૦% ગામોની રેન્ડમ પધ્ધતીથી પસંદગી કરી તેનું આયોજન અને યાદી તૈયાર કરી વિભાગીય કક્ષાએ તથા જીલ્લા કક્ષાએ મોકલી આપવી.

⇒ પસંદ થયેલ ૨૦% ગામોની યાદી ખરાઇ મામલતદાર/તા.વિ.અધિ પાસે મોકલવી. ખરાઇ થઇ આવેલ યાદીમાં તાલુકાવાર સર્કલવાર, તલાટીના સેજાવાર ગામોની ચકાસણી કરી યાદી તૈયાર કરવી અને તે માટે જરૂરી પત્રવ્યવહાર કરવો.

⇒ પસંદ થયેલ ૨૦% ગામોના મુખ્ય પાકોના વાવેતર વિસ્તાર ખરીફ, રવિ અને ઉનાળું ઋતું ના પત્રકો પુરા પાડી આ પત્રકો તાલુકા કક્ષાએ તલાટી દ્વારા તૈયાર કરાવી અત્રેની કચેરીએ નિયત કરેલ સમયમાં મેળવી લેવા અને તે અંગેના જરૂરી પત્રવ્યવહાર કરવા.

⇒ આવેલ ખરીફ રવિ અને ઉનાળું ઋતું ના પત્રકોની ડેટા એંટ્રી કરાવી ડેટા શીટ તૈયાર કરાવી મુખ્ય પાકોના વાવેતર વિસ્તાર વધુ ઉત્પાદન આપતી જાત(હાઇબ્રીડ) અને અન્ય જાત(લોકલ) હેઠળ, પિયત અને બિન પિયત હેઠળનો વાવેતર વિસ્તારનો અંદાજો તૈયાર કરી ભારત સરકારશ્રીને મોકલી આપવા. તે માટે વિભાગીય કક્ષાએ તથા જીલ્લા કક્ષાએ પત્રવ્યવહાર કરાવવો.

⇒ રેશનાલાઇઝ્ડ સુપરવિઝન માટે રેન્ડમ પધ્ધતીથી સર્કલવાર ગામોની પસંદગી કરી યાદી તૈયાર કરી વિભાગીય કક્ષાએ તથા જીલ્લા કક્ષાએ મોકલી આપવી.

⇒ યોજનાની કામગીરી સુદ્રઢ થાય તે માટે રાજ્યના ફીલ્ડસ્ટાફને યોજનાકીય તાલીમ અને માર્ગદર્શન આપવું.

⇒ મુખ્ય પાકોના વિસ્તાર અને ઉત્પાદનનાં અંદાજો તૈયાર કરી કેન્દ્ર સરકારને મોકલવા

⇒ ભારત સરકારશ્રીના પત્રો તથા એન.એસ.એસ.ઓ.,ફરીદાબાદ દ્વારા આવતા પત્રો અને સુચનો/આદેશોનુ વિભાગીય કક્ષાએ જાણ કરી અમલવારી કરાવવી

## રાજ્ય કક્ષાનાં મદદનીશ ખેતી નિયામક(ટી.આર.એસ)ની કામગીરી ની વિગત

⇒ ટાઇમલી રીપોર્ટીંગ સ્કીમ (ટી.આર.એસ)કેન્દ્ર સરકાર દ્વારા સહાયીત યોજના હેઠળ રાજ્યના રેવન્યુ ગામોની માહીતી મામલતદાર પાસેથી મેળવી રેન્ડમ સેમ્પલથી કુલ ગામોના 20% પસંદ કરી તથા બાકીના 80% ગામોની યાદી તૈયાર કરી ટી.આર.એસ ના ૩૬૧૮ ગામોની ફિલ્ડ સ્ટાફ મારફત મામલતદારશ્રી તથા તાલુકા વિકાસ અધિકારી સાથે રહિ ખરાઇની કામગીરી પુર્ણ કરાવી.

⇒ ફીલ્ડ સ્ટાફને તાલીમ/સેમીનાર ગોઠવી યોજનાની કામગીરીની સમજ/તાલીમ આપવામાં આવી.

⇒ પસંદ થયેલ ગામોની મુખ્ય ૨૦ પાકોના વાવેતર વિસ્તારના તલાટી મારફત માહીતિ મેળવવામાં આવે છે. જેનુ પ્લાનીંગ, પત્રકો વિ.તાલુકા વિકાસ અધિકારીને પહોંચાડવાની કામગીરી તથા ઉપરોક્ત માહીતિ મેળવવા માટે જીલ્લા કક્ષાએ તથા તલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારીશ્રી સાથે પત્ર વ્યવહાર કરવામાં આવેલ છે.

⇒ ખરીફ ઋતુની (90%) રીસીપ્ટ પોઝીશન પ્રમાણે) એરીઆ એસ્ટીમેટ, અઠવાડીક રીસીપ્ટ પોઝીશન સ્ટાફની પોઝીશન 7/12 લખ્યાની અઠવાડીક પોઝીશન, કરેક્ટીંગ ફેક્ટર તેમજ રેશનાલાઇઝડ સુપરવિઝનનું કરેક્ટીંગ ફેક્ટર વિગેરે માહિતી તૈયાર કરવામાં આવે જેના પ્રોગ્રેસીવ પ્રગતી રીપોર્ટ ભારત સરકારશ્રી તથા રાજ્ય સરકારશ્રીને મોકલવામાં આવે છે.

⇒ 80% નોન ટી.આર.એસગામોની માહિતી પત્રક ત્રણેય ઋતુંના વિભાગીય કક્ષાથી મેળવવામાં આવે છે.

⇒ રેશનાલાઇઝ્ડ સુપરવિઝન માટે રેન્ડમ પધ્ધતીથી સર્કલવાર ગામોની પસંદગી કરી યાદી તૈયાર કરી વિભાગીય કક્ષાએ તથા જીલ્લા કક્ષાએ મોકલી આપવી.

## વિભાગીય કક્ષાનાં મદદનીશ ખેતી નિયામક(ટી.આર.એસ.)ની કામગીરીની વિગત:-

- ⇒ યોજનાના ગામોનું આયોજન નિયત પધ્ધતિથી કરવા જરૂરી તાંત્રિક માર્ગદર્શન આપવુ તથા સમયસર આયોજન થાય તેવી વ્યવસ્થા ગોઠવવી તથા સમયસર ક્ષેત્ર કાર્યકરોની કામગીરી શરૂ કરી શકે તે માટે પત્રકો અને પસંદ કરેલ ગામો તેમને પહોચે તેવી કાળજી રાખવી.
- ⇒ ખરીફ, રવી તથા ઉનાળુ વાવેતર વિસ્તારના આવેલ પત્રકોની ચકાસણી કરાવી ડેટા એન્ટ્રી કોમ્પ્યુટરમાં કરાવવી તથા આવેલ પત્રકોની અઠવાડીક પરિસ્થિતી પર નજર રાખવી અને જ્યાં નબળી કામગીરી જણાય ત્યાં પત્ર,અ.સ.પત્ર, તાર બચાવ પત્રના તથા રૂબરૂ જેતે અધિકારીઓનો સંપર્ક સાધી પુરતી અને સંતોષકારક માહિતી આવે તે કાળજી રાખવી.
- ⇒ ક્ષેત્ર કાર્યકરો તથા યોજનાના ખેતેવાડી અધિકારીઓને જરૂરી તાંત્રિક અને વહીવટી માર્ગદર્શન વખતોવખત પુરુ પાડવુ અને યોજનાની પ્રગતિ બાબત ઉપરી અધિકારીઓને વાકેફ રાખવા તથા સરકારીશ્રી ને મોકલવાની વિગત નિયત સમયે થાય તેવી કાળજી રાખવી યોજનાના ઘનિષ્ઠ સુપરવિઝન માટેના ગામોનું સેમ્પલ પસંદ કરાવવુ તથા નિરીક્ષણ માટેના ગામની લાગતા વળગતા ખેતી અધિકારીને જાણ કરવી.
- ⇒ યોજનાના ત્રિમાસીક પ્રગતિ અહેવાલ તથા નાણાકીય પ્રગતિ અહેવાલ, પ્રિ.બજેટ, ન્યુ આઇટમ યોગ્ય સમયે તૈયાર કરાવી સમયસર જાય તેની કાળજી રાખવી.
- ⇒ પાક કાપણીના અખતરા ઉપરથી તૈયાર કરેલ સરેરાશ ઉત્પાદન આધારે યોજના ઉત્પાદનના અંદાજો તૈયાર કરવામાં યોજનાના સ્ટાફને માર્ગદર્શન આપવું અને તૈયાર થયેલ માહિતી પત્રકોની યોગ્યતા ચકાશવી.
- ⇒ આખા વર્ષ દરમ્યાન યોજનાની તાંત્રિક અને વહીવટી કામગીરી સમયસર થાય તે માટે સજાગ રહેવું અને જરૂરી માર્ગદર્શન આપી સમયસર કામગીરી થાય તે જોવું.
- ⇒ ખેતી અધિકારીઓની કામગીરી ઉપર દેખરેખ રાખવી અને નાયબ ખેતી નિયામકશ્રીને પ્રગતિ થી વાકેફ રાખવા

## ખેતી અધિકારી(ટીઆરએસ), (વર્ગ-૨)-રાજ્ય કક્ષાએની કામગીરીનું સંક્ષિપ્ત.

- ટી.આર.એસ યોજના અંતર્ગત ગુજરાત રાજયમાં થતા મુખ્ય પાકોના વાવેતર વિસ્તારનો અંદાજો સમયસર મોકલવા માટે દર વર્ષે રાજયના કુલ ગામોમાંથી (૧૮૦૮૮) ૨૦% ગામોની (૩૬૧૮) રેન્ડમ સેમ્પલીંગ પધ્ધિતીથી પસંદગી કરી તેનું આયોજન અને યાદી તૈયાર કરવી. આ તૈયાર કરેલ યાદી વિભાગીય કક્ષાએ તથા જીલ્લા/તાલુકા કક્ષાએ મોકલી આપી યાદીની ખરાઇ મામલતદાર /તા.વિ.અ મારફત કરાવવી.
- જીલ્લા /તાલુકા કક્ષાએ મુખ્ય પાકોના વાવેતર વિસ્તાર માટે ખરીફ, રવિ અને ઉનાળું ઋતું ના પત્રકો પુરા પાડવા. ૭/૧૨ આધારીત દરેક ઋતું ના પત્રકો તાલુકા/જીલ્લા કક્ષાથી નિયત કરેલ સમયમાં મેળવી લેવા અને ઋતુંવાર પત્રકોની ડેટા એંટ્રી કરી ડેટા શીટ તૈયાર કરી મુખ્ય પાકોના વાવેતર વિસ્તાર અને વધુ ઉત્પાદન આપતી જાત (હાઇબ્રીડ અને અન્ય જાત લોકલ) હેઠળ પિયત અને બિનપિયત નો વાવેતર વિસ્તારનો અંદાજો તૈયાર કરી ભારત સરકારશ્રીને મોકલી આપવા. તે માટે વિભાગીય કક્ષાએ તથા જીલ્લા કક્ષાએ જરૂરી પત્રવ્યવહાર કરવા .
- રેશનાલાઇઝ્ડ સુપરવિઝન માટે રેન્ડમ પધ્ધતીથી સર્કલવાર ગામોની પસંદગી કરવા ટીઆરએસ ગામોમાંથી (૧૦%) ૩૬૨ ગામો અને બાકીના નોન ટીઆરએસ માંથી ૨૧૭ ગામો પસંદ કરી યાદી તૈયાર કરી વિભાગીય કક્ષાએ તથા જીલ્લા કક્ષાએ મોકલી આપવી .જેમાં તલાટીએ લખેલ ૭ /૧૨ અને ખે.અના પ્રત્યક્ષ નિરીક્ષણ દ્વારા ચોક્કસ અને ક્ષતી રહીતના આંકડા મેળવવાની કામગીરી કરાવવી.
- ખરીફ ઋતુની ૯૦%રીસીપ્ટ પોઝીશન પ્રમાણે એરીયા એસ્ટીમેટ, અઠવાડીક રીસીપ્ટ પોઝીશન, સ્ટાફની પોઝીશન, ૭/૧૨ લખ્યાની અઠવાડીક પોઝીશન, કરેક્ટીંગ ફેક્ટર તેમજ રેશનલાઇઝ સુપરવિઝનનુ કરેક્ટીંગ ફેક્ટર વગેરે માહીતી તૈયાર કરવી જેની પ્રોગ્રેશીવ પ્રગતિ રીપોર્ટ ભારત સરકારશ્રી તથા રાજય સરકારશ્રીને મોકલવા.
- ૮૦% નોન ટી.આર.એસ ગામોની માહીતી પત્રક ત્રણેય ઋતુના વિભાગીય કક્ષાએ મેળવવા.
- ટી.આર.એસ યોજનાની કામગીરી સુદ્રઢ થાયતે માટે રાજયના ફીલ્ડસ્ટાફને યોજનાકીય તાલીમ અને માર્ગદર્શન આપવું. ટીઆરએસ, કેન્દ્ર પુરસ્કૃત યોજનાની વહીવટી તથા ટેકનીકલ કામગીરી તથા ભારત સરકારશ્રી સાથે પત્ર વ્યવહારની કામગીરી કરવી .

## ખેતી અધિકારી(ટીઆરએસ), (વર્ગ-૨) વિભાગીય કક્ષાએની કામગીરીનું સંક્ષિપ્ત.

- ⇒ યોજનાના ગામોનું આયોજન કરી જરૂરી તાંત્રિક માર્ગદર્શન આપવુ તથા સમયસર ક્ષેત્ર કાર્યકરોની કામગીરી શરૂ કરાવવી, પત્રકો અને પસંદ કરેલ ગામો તેમને પહોચે તેવી કાળજી રાખવી
- ⇒ ખરીફ, રવી તથા ઉનાળુ વાવેતર વિસ્તારના આવેલ પત્રકોની ચકાસણી કરાવી ડેટા એન્ટ્રી કોમ્પ્યુટરમાં કરાવવી તથા આવેલ પત્રકોની અઠવાડીક પરિસ્થિતીના આંકડાકીય માહીતી મેળવી વડી કચેરીને નિયત કરેલ સમયે પહોંચાડવી.
- ⇒ ક્ષેત્ર કાર્યકરો તથા યોજનાના ખેતેવાડી અધિકારીઓને જરૂરી તાંત્રિક અને વહીવટી માર્ગદર્શન વખતોવખત પુરૂ પાડવુ અને યોજનાની પ્રગતિ બાબત ઉપરી અધિકારીઓને વાકેફ રાખવા તથા સરકારીશ્રી ને મોકલવાની વિગત નિયત સમયે થાય તેવી કાળજી રાખવી યોજનાના ઘનિષ્ઠ સુપરવિઝન માટેના ગામોનું સેમ્પલ પસંદ કરાવવુ તથા નિરીક્ષણ માટેના ગામની લાગતા વળગતા ખેતી અધિકારીને જાણ કરવી.
- ⇒ આખા વર્ષ દરમ્યાન યોજનાની તાંત્રિક અને વહીવટી કામગીરી સમયસર થાય તે માટે જરૂરી માર્ગદર્શન આપવું.
- ⇒ નાયબ ખેતી નિયામકશ્રીને સમયસર કામગીરી કરાવવા બાબતે તાબા હેઠળના ખેતી અધિકારીઓની કામગીરી ઉપર દેખરેખ રાખવા અને વાકેફ કરવા.

## ખેતી અધિકારી(ટીઆરએસ) (વર્ગ-૨)-જીલ્લા કક્ષાએની કામગીરીનું સંક્ષિપ્ત.

⇒ ટી.આર.એસ યોજના અંતર્ગત પસંદ થયેલ ૨૦% ગામો ૩૬૧૮ તથા બાકી રહેલ નોન ટી.આર.એસ. ગામોના તાલુકા કક્ષાએ યાદીની ખરાઇ મામલતદારશ્રી મારફત કરાવી વડી કચેરીએ પહોચાડવી.

⇒ તલાટીઓને મુખ્ય પાકોના વાવેતર વિસ્તાર માટે ખરીફ, રવિ અને ઉનાળું ઋતું ના પત્રકો પુરા પાડવા ૭/૧૨ આધારીત દરેક ઋતું ના પત્રકો તાલુકા કક્ષાએ તલાટી દ્વારા તૈયાર કરાવી વડી કચેરીએ નિયત કરેલ સમયમાં મોકલી આપવા તે માટે તાલુકા કક્ષાએ જરૂરી પત્રવ્યવહાર કરવા .

⇒ તાલુકાવાર પસંદ થયેલ રેશનાલાઇઝ્ડ સુપરવિઝન માટેના ગામોના ખરીફ, રવિ અને ઉનાળું ઋતુ માટે ટી.આર.એસ અને નોન ટી.આર.એસ ગામોના રેન્ડમ કલસ્ટર પસંદ કરી દરેક ગામના ૧૫ સર્વે નંબર પસંદ કરી ખે.અધિ. પ્રત્યક્ષ નિરીક્ષણ દ્વારા ચોક્કસ અને ક્ષતી રહિત આંકડા મેળવી તલાટીએ લખેલ ૭/૧૨ સાથે તફાવત મેળવી ક્ષતી રહીતના આંકડા મેળવી વિભાગીય કક્ષાએ મોકલી આપવા

⇒ તલાટીઓની મીટીંગમાં હાજરી આપી યોજનાકીય તાલીમ અને માર્ગદર્શન આપવું.

## રાજ્ય કક્ષાએ હેડ ક્લાર્કની કામગીરીની વિગત:-

- ટી.આર.એસ યોજનાનો પ્રી બજેટ, ન્યુ આઇટમ તથા યોજનાને લગતા ખર્ચના માસિક અહેવાલ તૈયાર કરી ભારત સરકાર તથા આયોજન વિભાગને મોકલવાની કામગીરી કરે છે.

## રાજ્ય કક્ષાએ જુનિયર ક્લાર્કની કામગીરીની વિગત

- ટી.આર.એસ. યોજનાનો પ્રી બજેટ, ન્યુ આઇટમ તથા યોજનાને લગતા ખર્ચના માસિક અહેવાલ તૈયાર કરવામાં આવે છે તેમાં હેડ ક્લાર્કને મદદ કરે છે તેમજ હેડ ક્લાર્ક તરફથી સોંપવામાં આવતી કામગીરી કરે છે.

## રાજ્ય કક્ષાએ ટાઇપીસ્ટની કામગીરીની વિગત

- ટી.આર.એસ. યોજનાનો લગતા તમામ પ્રકારના કાગળો ટાઇપ કરવા અને સરકારશ્રીના જવાબો તૈયાર કરી માહિતી ઉચ્ચ અધિકારીને આપવા

## વિભાગીય કક્ષાએ સિનિયર ક્લાર્કની કામગીરીની વિગત

- ટી.આર.એસ યોજનાનો તાબા હેઠળના જીલ્લાઓના પ્રીબજેટ, ન્યુ આઇટમ તથા યોજનાને લગતા ખર્ચના માસિક અહેવાલ તૈયાર કરવામાં આવે છે તેમાં હેડ ક્લાર્કને મદદ કરે છે તેમજ હેડ ક્લાર્ક તરફથી સોંપવામાં આવતી કામગીરી કરવી.

## વિભાગીય કક્ષાએ પટાવાળાની કામગીરીની વિગત

- કચેરીની ફાઇલો નું મુવમેન્ટ તથા અન્ય તમામ પરચુરણ કામ કરવું.

શાખાના અધિકારીઓ અને કર્મચારીને માસિક મહેનતાણું :

પત્રક -૧

ટી.આર.એસ યોજનાનું મહેકમ અને પગાર ધોરણ

| અ.નું | જગ્યાનું નામ | કુલ મંજુર થયેલ જગ્યા | જગ્યા માટેનું પગાર ધોરણ |
|---|---|---|---|
| | રાજ્ય કક્ષા | | |
| ૧ | નાયબ ખેતી નિયામક(વર્ગ-૧) | ૧ | ૬૭૭૦૦-૨૦૮૭૦૦ |
| ૨ | મદદનીશ ખેતી નિયામક (વર્ગ-૨) | ૧ | ૫૩૧૦૦-૧૬૭૮૦૦ |
| ૩ | ખેતી અધિકારી (વર્ગ-૨) | ૩ | ૩૯૯૦૦-૧૨૬૬૦૦ |
| ૪ | હેડ ક્લાર્ક(વર્ગ-૩) | ૧ | ૩૫૪૦૦-૧૧૨૪૦૦ |
| ૫ | જુનીયર ક્લાર્ક (વર્ગ-૩) | ૧ | ૧૯૯૦૦-૬૩૨૦૦ |
| ૬ | ટાઇપીસ્ટ (વર્ગ-૩) | ૧ | ૧૯૯૦૦-૬૩૨૦૦ |
| | વિભાગીય કક્ષા | | |
| ૧ | મદદનીશ ખેતી નિયામક (વર્ગ-૨) | ૨ | ૫૩૧૦૦-૧૬૭૮૦૦ |
| ૨ | ખેતી અધિકારી (વર્ગ-૨) | ૫ | ૩૯૯૦૦-૧૨૬૬૦૦ |
| ૩ | સિનીયર ક્લાર્ક(વર્ગ-૩) | ૨ | ૨૫૫૦૦-૮૧૧૦૦ |
| | જીલ્લા કક્ષા | | |
| ૧ | ખેતી અધિકારી (વર્ગ-૨) | ૧૧ | ૩૯૯૦૦-૧૨૬૬૦૦ |
| કૂલ | | ૨૮ | |

| અ.નં. | અધિકારી/કર્મચારીનો હોદ્દો | નાણાંકીય સત્તા | વહીવટી સત્તા | અન્ય સત્તા | ફરજો |
|---|---|---|---|---|---|
| ૧. | સંયુક્ત ખેતી નિયામક (એ.સે) | | | | યોજના અમલીકરણ |
| ૨ | નાયબ ખેતી નિયામક (ટીઆરએસ) | | | | યોજના અમલીકરણ |
| ૩. | મદદનીશ ખેતી નિયામક (ટીઆરએસ) | | | | યોજના અમલીકરણ |
| ૪ | ખેતી અધિકારી(ટીઆરએસ) | | | | યોજના અમલીકરણ |
| ૫. | હેડ ક્લાર્ક | | | | યોજનાનો પ્રી. બજેટ, ન્યુ આઇટમ તથા યોજનાને લગતા ખર્ચના માસિક અહેવાલ તૈયાર કરવાની કામગીરી |
| ૬ | સિનીયર ક્લાર્ક | | | | જીલ્લાઓના પ્રી. બજેટ, ન્યુ આઇટમ તથા યોજનાને લગતા ખર્ચના માસિક અહેવાલ તૈયાર કરવાની કામગીરી |
| ૭. | જુનીયર  ક્લાર્ક | | | | યોજનાનો પ્રી. બજેટ, ન્યુ આઇટમ તથા યોજનાને લગતા ખર્ચના માસિક અહેવાલ તૈયાર કરવાની કામગીરી |
| ૮ | પટાવાળા | | | | કચેરીની ફાઇલો નું મુવમેન્ટ તથા અન્ય તમામ પરચુરણ કામ |

## પ્રકરણ-૪

## કાર્યો કરવા માટેના નિયમો, વિનિમયો, સૂચનાઓ, નિયમસંગ્રહ અને દફતરો

(૧) ગુજરાત સિવિલ સર્વીસ રૂલ્સ

(૨) સરકારશ્રીના ઠરાવ

(૩) એસ.ઓ.ફાઇલ

(૪) પરિપત્રો

## પ્રકરણ-૫

નીતિ ઘડતર અથવા નીતિના અમલ સબંધી જનતાના સભ્યો સાથે સલાહ- પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઇ વ્યવસ્થા હોય તો તેની વિગત

-----------નથી----------

## પ્રકરણ-૬

જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળની વ્યક્તિઓ પાસેના દસ્તાવેજોની કક્ષાઓ અંગેનુ પત્રક

--------નથી----------

## પ્રકરણ-૭

તેના ભાગ તરીકે રચાયેલી બોર્ડ, પરિષદ, સમિતિઓ અને અન્ય સંસ્થાઓનું પત્રક

..........નથી.........

## પ્રકરણ-૮

### જાહેર માહિતી અધિકારીનું નામ, હોદ્દો અને અન્ય વિગતો

- શ્રી કે.એચ.પટેલ
  નાયબ ખેતી નિયામક (ટેબ્યુ)
  રૂમ નં-.............., અંક શાખા, ઇકોસ્ટેટ વિભાગ,
  ખેતી નિયામકશ્રીની કચેરી, કૃષિભવન,
  ચ-રોડ, સેક્ટર ૧૦-એ,
  સંપર્ક- ૦૭૯-૨૩૨-૫૬૨૦૫

## પ્રકરણ-૯

### નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિ

૧. નોંધ

૨. મુસદ્દો મંજૂર કરાવવો

૩. અમલીકરણ

૪. નિર્ણય લેનાર અંતિમ સત્તાધિકારી ખાતાના વડા છે.

નિર્ણય લેવાની સત્તા નીચે મુજબ છે.

ખેતી નિયામક

↑

સંયુક્ત ખેતી નિયામક

↑

નાયબ ખેતી નિયામક

↑

મદદનીશ ખેતી નિયામક

↑

ખેતી અધિકારી

↑

હેડ ક્લાર્ક

↑

સિનીયર ક્લાર્ક

↑

જુનિયર ક્લાર્ક

## પ્રકરણ-૧૦

## અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા

| ક્રમ | અધિકારી અને કર્મચારીનુ નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી એમ.બી.પટેલ | સંયુક્ત ખેતી નિયામક (એ.સે.) |
| ૨. | શ્રી પી.એસ.પટેલ | નાયબ ખેતી નિયામક (ટીઆરએસ) |
| ૩. | શ્રી એ.પી.ભાવાણી, | મદદનીશ ખેતી નિયામક (ટીઆરએસ) |
| ૪ | સુ.શ્રી વી.વાય.રાવલ | ખેતી અધિકારી (ટીઆરએસ) |

## પ્રકરણ-૧૧

વિનિયમોમાં જોગવાઇ કર્યા મુજબ મહેનતાણાની પધ્ધતિ સહિત દરેક અધિકારીઓ અને કર્મચારીને મળતુ માસિક મહેનતાણુ

| ક્રમ | અધિકારી અને કર્મચારીનુ નામ | પગાર |
|---|---|---|
| ૧ | શ્રી પી.એસ.પટેલ,ના.ખે.નીશ્રી, (ટીઆરએસ) | ૬૭૭૦૦-૨૦૮૭૦૦ |
| ૨. | શ્રી એ.પી.ભાવાણી, મ.ખે.નિશ્રી (ટીઆરએસ) | ૫૩૧૦૦-૧૬૭૮૦૦ |
| ૩. | શ્રી સુ.શ્રી વી.વાય.રાવલ, ખે.અધિ. (ટીઆરએસ) | ૩૯૯૦૦-૧૨૬૬૦૦ |
| ૪. | હેડ ક્લાર્ક | ૩૫૪૦૦-૧૧૨૪૦૦ |
| ૫. | જુનીયર ક્લાર્ક | ૧૯૯૦૦-૬૩૨૦૦ |
| ૬ | ટાઇપીસ્ટ | ૧૯૯૦૦-૬૩૨૦૦ |

## પ્રકરણ-૧૨

પ્રત્યેક સંસ્થાને ફાળવેલ અંદાજપત્ર- માહિતી શૂન્ય છે.

## પ્રકરણ-૧૩

સહાયકો કાર્યક્રમોના અમલ અંગેની પધ્ધતિ- ---અત્રેની શાખામાથી સહાયની કોઇ યોજના અમલમાં નથી.---

## પ્રકરણ-૧૪

આવેલ રાહતો, પરમિટ કે અધિકૃત મેળવનારની વિગતો

---માહિતી શુન્ય છે.---

## પ્રકરણ-૧૫

કાર્યો કરવા માટે નક્કી કરેલા ધોરણો

નિયત કરેલ સમયમાં નિયત કરેલ પત્રકો મેળવી રીપોર્ટ તૈયાર કરી કેન્દ્ર સરકારશ્રીને મોકલી આપવામાં આવે છે.

## પ્રકરણ-૧૬ વીજાણુરૂપે ઉપલબ્ધ માહિતી

---માહિતી શુન્ય છે.---

## પ્રકરણ-૧૭

માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતોની વિગતો

૧. નોટીસ બોર્ડ

૨. પ્રો-એક્ટીવ ડીસ્કલોઝર